# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાપીમાં આર.કે.દેસાઈ ગ્રૂપ ઓફ કોલેજીસના વાણિજ્ય મહાવિદ્યાલય ભવનનું લોકાર્પણ કર્યું



(તસ્વીરઃ અશોક જોષી)

**(પ્રતિનિધિ) વલસાડ,** સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી ગુજરાતને વિકસિત રાજ્ય બનાવવું છે. આદરણીય નરેન્દ્રભાઈની વિઝનરી લીડરશીપમાં વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ હોઈ કે નવી પ્રોત્સાહક નીતિ હોઈ, આખા ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ સાધી શક્યા છે. વાપી છેલ્લા ૨ દાયકાથી ઔદ્યોગિક ક્ષેત્રની સાથે સાથે શિક્ષણની ક્રાંતિનું સાક્ષી બન્યું છે.× એમ વાપી કોપરલી રોડ પર સ્થિત રમણલાલ કુંવરજી દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત આર.કે.દેસાઈ ગ્રૂપ ઓફ કોલેજીસ દ્વારા રૂ.૪.૫૦ કરોડના ખર્ચે નિર્મિત વાણિજ્ય મહાવિદ્યાલય ભવનના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, સેવાના ભેખધારી રમણભાઈ દેસાઈની જન્મજયંતિએ કોલેજ પરિવારને અભિનંદન આપું છું. અહીં વડાપ્રધાનશ્રીના કાર્યમંત્ર સાથે આદિજાતિ વિદ્યાર્થીઓના ઉત્થાન માટે આ સંસ્થા સંકલ્પકારી છે. બે દિવસ પહેલા જ નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં ભારત સરકારના અમૃતકાળનું પહેલું બજેટ રજૂ કરાયું છે. જેને દેશભરમાં અમૃત બજેટ તરીકે વધાવી લેવાયું છે. જેમાં સૌથી મહત્વની પ્રાથમિકતા યુવા શક્તિને અપાઈ છે. ન્યુ ઈન્ડિયાના નિર્માણ માટે યુવા શક્તિને વધુ શિક્ષિત અને તાલીમબદ્ધ કરવા જોગવાઈ કરાઈ છે. યુવા શક્તિના સહારે વિકસિત ભારત, આત્મનિર્ભર ભારત બનાવવાની વડાપ્રધાનશ્રીની નેમ છે. નેશનલ એપ્રેન્ટીશિપ પ્રમોશન સ્કીમ હેઠળ દેશના ૪૭ લાખ યુવાનોને સ્ટાઈપેન્ડનો લાભ આપવા જઈ રહ્યા છે. ઓન જોબ તાલીમ પણ અપાશે.

યુવા શક્તિના વિકાસ અને સરકારની યોજનાઓ અંગે મુખ્યમંત્રીશ્રીએ વધુ પ્રકાશ પાડતા જણાવ્યું કે, આદરણીય મોદીજીએ દેશની સમગ્ર શિક્ષણ વ્યવસ્થાની કાયાપલટ કરવા માટે નવી શિક્ષણ નીતિ અમલમાં મુકી છે. પરંપરાગત શિક્ષણની સાથે સાથે રિસર્ચ અને ઈનોવેશન પર ભાર મુકયો છે. ઈનોવેશન પોલીસી ૨.૦ અમલથી ગુજરાતના અનેક યુવાનોને ઈનોવેશન અને સ્ટાર્ટઅપ તરફ વાળ્યા છે.

રાજ્યના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના કાર્યકાળમાં દેશભરમાં બેનમૂન વિકાસ થઈ રહ્યો છે. વાપીના નાગરિકોને મળતી સુવિધાઓમાં પણ વધારો થયો છે.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના યુથ ફેસ્ટિવલમાં બોક્સિંગમાં ગોલ્ડ મેડલ મેળવનાર દાસ મધુમિતા, વર્ષ ૨૦૨૨માં યુનિવર્સિટી કક્ષાએ બી.એડ.માં ગોલ્ડ મેડલ મેળવનાર ભંડારી પલક, વર્ષ ૨૦૨૧માં યુનિવર્સિટી કક્ષાએ બી.એડ.માં ગોલ્ડ મેડલ મેળવનાર રુચિ માયત્રા અને સાહિત્ય ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવનાર આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન વાપીના પ્રોફેસર ડો. જયંતિલાલ બી.બારીશનું એવોર્ડ વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પદ્મભૂષણશ્રી અને યુપીએલના ચેરમેનશ્રી રજ્જુભાઈ શ્રોફનું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ અલકાબેન શાહ, સાંસદ ડો.કે.સી.પટેલ, સંસ્થાના પ્રેરણાસ્ત્રોત કાંતાબેન રમણભાઈ દેસાઈ, કમલભાઈ દેસાઈ, ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ, રાજ્યના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, યુપીએલના વાઈસ ચેરમેન શાંદ્રાબેન શ્રોફ, વાપી પાલિકા પ્રમુખ કાશ્મીરાબેન શાહ, વાપી વીઆઈએના પ્રમુખ કમલેશભાઈ પટેલ, વાપી નોટિફાઈડ એરિયા બોર્ડના ચેરમેન સતિષભાઈ પટેલ, કેડાઈના વાપીના અને મુક્તિધામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ એલ.એન.ગર્ગ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન આર. કે.દેસાઈ મેમોરીયલ ટ્રસ્ટના ચેરમેન મિલનભાઈ દેસાઈએ કર્યું હતું. સંસ્થાનો પરિચય આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રિન્સિપાલ ડો.પ્રીતિબેન ચૌહાણે આપ્યો હતો. જ્યારે આભારવિધિ વાપી ગ્રીન એન્વાયરો લિ.ના ડાયરેક્ટર યોગેશભાઈ કાબરીયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વીઆઈએના ખજાનચી હેમાંગભાઈ નાયકે કર્યું હતું.

# ગોધરાની સિવિલ હોસ્પિટલમાં ગાયનેક ડોક્ટર નથી : પ્રસુતા મહિલાઓને ભારે હાલાકી

**(પ્રતિનિધિ) ગોધરા.** ગોધરા શહેરમાં આવેલ સીવીલ હોસ્પિટલના પ્રસુતિ વિભાગમાં છેલ્લા ઘણા સમયથી ગાયનેક ડોક્ટર ન હોવાના કારણે લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે આ ગંભીર બાબતે સ્થાનિક ધારાસભ્ય અને આરોગ્ય મંત્રી સક્રિય રસ દાખવે તેવી પંચમહાલ જિલ્લાના ગ્રામજનો સહિત સ્થાનિક નગરજનોની માંગ ઉઠવા પામેલ છે.

ગોધરા શહેર સહિત જિલ્લાભરના ગરીબ અને મધ્યમવર્ગીય લોકો માટે આર્શિવાદ સમાન સીવીલ હોસ્પિટલમાં પ્રસુતિ વિભાગમાં લાંબા સમયથી નિયત સેટઅપ મુજબના નિષ્ણાંત તબીબોના અભાવે દર્દીઓના સ્વજનોને અસંતોષકારક સેવા મળી રહી છે. એટલુ જ નહિ તેઓ દ્વારા દર્દીઓના સ્વજનોને મનસ્વી જવાબો આપવામાં આવી રહ્યા હોવાની ગ્રામજનોમાં વ્યાપક બૂમો ઉઠવા પામેલ છે. કડકડતી ઠંડીમાં દિવસોમાં દૂર દૂરથી અત્રે તબીબી સારવાર લેવા આવતા દર્દીઓને નિષ્ણાંત તબીબોના અભાવે છાસવારે ધરમધક્કાઓ થતા હોય ત્યારે ગોધરા તાલુકાના નદીસર ગામે રહેતા મનોજભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે તેમની દિકરીને પ્રસુતિનો દુખાવો થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમણે તાત્કાલિક સારવાર આપ્યા બાદ પ્રસૂતિ વિભાગમાં રીફર કરવામાં આવ્યા હતા જ્યાં પ્રસૂતિ વિભાગમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તમારી દીકરીને પ્રસૂતિના દુખાવાના લીધે પાણી ચાલુ થઈ ગયું છે અને જો વધારે પાણી ચાલુ થશે તો તમારે બહાર ખાનગી હોસ્પિટલ અથવા તો વડોદરા ખાતે સરકારી એસએસજી હોસ્પિટલ લઈ જવા પડશે કારણકે અહીં ગાયનેક વિભાગમાં ડોકટર નથી જેથી પ્રસુતિથી પીડાતા દર્દીના પિતાએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા ત્રણ થી ચાર મહિનાથી ગાયનેક વિભાગમાં ડોકટર નથી અને જો તાત્કાલિક પ્રસૂતિ માટે ગાયનેક ડોકટરની જરૂર પડે તો ક્યાંથી લઈ જવા આજે મારી દીકરી છે કાલે બીજાની પણ દીકરી આવે તો માટે વહેલી તકે ગાયનેક વિભાગમાં ડોકટર ની ફાળવણી કરવામાં આવે તે માટે માંગ કરી રહ્યા છે.

જયારે ગોધરા સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન ડોક્ટર મોના પંડ્યા સાથે વાતચીત કરતા જણાવ્યું કે વિભાગમાં પહેલા ગાયનેક ડોક્ટર હતા પરંતુ તેમની ત્રણ મહિના પહેલા બદલી થઈ થવાથી તેમની જગ્યા ખાલી હતી જેથી તેમના સંદર્ભમાં અમે બીજી વ્યવસ્થા કરી હતી જેમાં કાલોલના ગાયનેક ડોક્ટર ચેતના ડામોર છે જે અઠવાડિયામાં બે વખત મંગળવાર અને ગુરુવારે ગોધરા સિવિલ હોસ્પિટલમાં આવે છે અને તેમની સેવાઓ ગાયનેક વિભાગમાં જે ગાયનેક વિભાગના દર્દીઓ છે તેમને સારવાર કરવામાં આવે છે અને જરૂર લાગે તો જે દર્દીઓની હાલત ગંભીર હોય તેવા દર્દીઓને એસએસજી હોસ્પિટલમાં રીફર કરવામાં કરવામાં આવે છે ગાયનેક ડોક્ટર ન હોવાના કારણે ગોધરા સિવિલ સર્જન એ ગાંધીનગર પણ જાણ કરેલ છે અને જ્યારે કોઈ વિઝિટમાં અધિકારીઓ આવતા હોય તેઓને પણ મૌખિક રીતેપણ અમે જાણ કરેલ છે.

# નડિયાદ પીજ ભાગોળેથી દયનીય હાલતમાં મળેલ વૃદ્ધાનું મોત

**(પ્રતિનિધિ) નડિયાદ,** નડિયાદ ના પીજ ભાગોળ નજીક તડછોડી દીધેલ એક વૃદ્ધા કળસ્તી હાલતમાં પડી હોવાની માહિતી જય માનવ પરિવારને થતા તેમણે આ મહિલાને એમ્બ્યુલન્સમાં લઈ જઈ સારવાર કરાવી હતી અને દીકરાના ઘરમાં રાખી હતી જોકે આ વૃદ્ધા નું આજે મોત થતા દીકરાના ઘરના સંચાલકો આ વૃદ્ધા ના વાલીઓને શોધવા માટે કામે લાગ્યા છે સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ કપૂત દિકરાએ એક વૃધ્ધ માજીને તરછોડી દીધેલી હતી તે ફરતી ફરતી નડિયાદ પીજ ભાગોળ વિસ્તારમાં બે દિવસ પહેલા આવી હતી બીમાર હાલતમાં હોય કોઈ જાગૃત વ્યક્તિએ નડિયાદમાં દીકરાના ઘર નામની સંસ્થા ચલાવતા જય માનવ સેવા પરિવારના મનુ મહારાજ ને જાણ કરી હતી જેથી તેવો એમ્બ્યુલન્સ સાથે આવી પહોચ્યા હતા અને અત્યંત દયનિય હાલતમાં કીડી મકોડા સાથે કમકમાટી પૂર્વકની સ્થિતિમાં પડેલા માજીને સમજાવી,દિકરાના ઘર (વૃધ્ધાશ્રમ) માં લાવ્યા, હતા અને સારવાર કરાવી હતી જોકે સારવાર બાદ પણ આજે આ વૃદ્ધાનો મૃત્યુ થયું છે મનુભાઈ મહારાજે નડિયાદ પશ્ચિમ પોલીસમાં જાણ કરી હતી.



આર.કે.દેસાઇ ગ્રુપ ઓફ કોલેજિસ ,વાપીમાં વાણિજ્યવિદ્યા ભવનનું લોકાર્પણ થયું છે ત્યારે વીરનર્મદદક્ષિણગુજરાતયુનિવર્સિટીના વાઇસ ચાન્સલરશ્રી ડો .કિશોરસિંહ ચાવડા સાહેબે કોલેજ કેમ્પસની શુભેચ્છા મુલાકાત લીધી હતી .આ પ્રસંગે સાહેબશ્રી દ્વારB.Ed.તાલીમાર્થીઓ માટે વ્યાખ્યાન યોજાયું હતું .જેમાં આચાર્યા ડો .પ્રીતિ ચૌહાણ દ્વારા આવકાર રજૂ થયો હતો તથા ચેરમેનશ્રી મિલન દેસાઈ દ્વારા પુષ્પગુચ્છ અને સાલ ઓઢાવી સાહેબશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું .

( તસ્વીર :- અશોક જોષી )

# હવે ચીન બલૂન મોકલીને કરી રહ્યું છે જાસૂસી ! અમેરિકાના આકાશમાં જોવા મળ્યું જાસૂસી બલૂન

**(એજન્સી) નવીદિલ્હી,** ચીન પોતાની હરકતોને કારણે દુનિયામાં હેડલાઈન્સ મેળવતું રહે છે. હવે એક નવો કિસ્સો સામે આવ્યો છે, જેમાં અમેરિકાના આકાશમાં એક જાસૂસી બલૂન દેખાયો છે. આ પછી હોબાળો મચી ગયો છે. એક અમેરિકન અધિકારીનું કહેવું છે કે જાસૂસી બલૂન ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રમાં દેખાયો છે, જે અત્યંત સંવેદનશીલ વિસ્તાર છે અને અહીં એરબેઝ છે. સાથે જ વ્યૂહાત્મક મિસાઈલો પણ તૈનાત કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અધિકારીએ કહ્યું છે કે સ્પષ્ટપણે આ બલૂનનો હેતુ સર્વેલન્સનો છે. અમે એ વાતનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ કે આ બલૂન ગુપ્તચર માહિતી એકત્ર કરતું વાહન હતું કે નહીં. ો.

અધિકારીનું કહેવું છે કે બલૂન "થોડા દિવસો પહેલા" યુએસ એરસ્પેસમાં પ્રવેશ્યું હતું. ફાઈટર જેટ્સે બલૂનની તપાસ કરી જ્યારે તે મોન્ટાના પર નજરે પડ્યો. આ પછી ઉચ્ચ સૈન્ય અધિકારીઓ વચ્ચે વાતચીત થઈ. બલૂનની વાત કરીએ તો પેન્ટાગોને લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને હવાઈ કાર્યવાહી માટે કોઈ પગલું ભર્યુ ન હતું.પેન્ટાગોનના પ્રવક્તા પેટ રાયડરે જણાવ્યું હતું કે, "આ બલૂન હાલમાં વાણિજ્યિક હવાઈ ટ્રાફિકથી ઘણી ઊંચાઈએ હતો. તે જમીન પરના લોકો માટે લશ્કરી અથવા ભૌતિક ખતરો ન હતો. અધિકારીએ ન્યૂઝ એજન્સી એએફપીને જણાવ્યું કે આ પહેલા પણ ચીને અમેરિકા પર સર્વેલન્સ બલૂન મોકલ્યા છે અને આ મુદ્દો બેઈજિંગના અધિકારીઓ સાથે ઉઠાવવામાં આવ્યો છે. "અમે તેમને આ મુદ્દાની ગંભીરતા વિશે જાણ કરી છે. અમે સ્પષ્ટ કર્યું છે કે અમારી જમીન પરના લોકોની સુરક્ષા માટે જે પણ પગલાં લેવા જરૂરી હશે તે અમે કરીશું.

અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા અધિકારીઓએ ચીની જાસૂસી પ્રયાસો અંગે વારંવાર ચેતવણી આપી છે. યુએસ સેક્રેટરી એન્ટની બ્લિંકન આગામી દિવસોમાં બેઈજિંગની મુલાકાત લઈ શકે છે. આ મુલાકાતનો અર્થ રાષ્ટ્રપતિ જો બિડેનની ગયા વર્ષે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મુલાકાતનું અનુસરણ છે. બિડેને ચીનને "અમેરિકાનો સૌથી પરિણામલક્ષી ભૌગોલિક રાજકીય પડકાર" તરીકે જાહેર કર્યો છે અને બે મુખ્ય વૈશ્વિક લશ્કરી શક્તિઓ વચ્ચેની સ્પર્ધા વધી છે.

# વડોદરા જિલ્લામાં જનસુખાકારી અને જનસુવિધાના રૂા.૧૧૦૦ લાખના વિવિધ ૫૩૬ વિકાસ કામો મંજૂર

**જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજ્ય મંત્રીના અધ્યક્ષ સ્થાને વડોદરા જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ**

**(માહિતી) વડોદરા,** વડોદરા જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને મળેલી વડોદરા જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ૨૦૨૩-૨૪ ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા આયોજન મંડળની વિવિધ જોગવાઈઓ હેઠળ વડોદરા જિલ્લાના આઠ તાલુકાઓમાં કુલ રૂા.૧૧૦૦ લાખના વિવિધ ૫૩૬ વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા હતા.

રાજ્ય સરકાર દ્વારા મળવાપાત્ર વિકાસલક્ષી અનુદાનોની મદદથી જિલ્લાના તમામ તાલુકાઓમાં નાગરિકો માટેની પાયાની સુવિધાઓ જેવી કે,ગંદા વસવાટની નાબૂદી, ગ્રામ રસ્તા, પાણી પુરવઠા, પ્રાથમિક શિક્ષણ,ભૂમિ સંરક્ષણ, પોષણ,વીજળીકરણ,સ્થાનિક વિકાસ અને પ્રાથમિક આરોગ્યના ક્ષેત્રોમાં ૧૫ ટકા વિવેકાધિન ( સામાન્ય અને ખાસ અંગભુત) હેઠળ સૂચિત ૫૩૬ કામોને અમલીકરણ માટે મંજૂરી આપવાનો વિચાર વિમર્શ કરવામાં બેઠકમાં કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર પાસેથી ૧૫ ટકા વિવેકાધિન સામાન્ય જોગવાઈ હેઠળ રૂ.૮૯૫ લાખ અને ખાસ અંગભુત હેઠળ રૂ.૮૦ લાખ મળીને કુલ રૂ.૯૭૫ લાખ મળવાપાત્ર છે. તેની સામે કુલ રૂ.૯૭૫ લાખના અંદાજિત ખર્ચથી ૪૯૯ કામોનું સૂચિત આયોજન તૈયાર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ હેઠળ ગ્રામ રસ્તા, ભૂમિ સંરક્ષણ અને સ્થાનિક વિકાસના ૧૧ કામોનું રૂ.૨૫ લાખના ખર્ચે સુચિત આયોજનનો બેઠકમાં મંજુરીલક્ષી વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લાની ચાર નગર પાલિકાઓમાં રૂ.૧૦૦ લાખના ખર્ચથી નિર્માણ થનાર ૨૬ કામોનું આયોજન મંજૂર કરવામાં આવ્યું હતું. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (ખાસ પ્લાન) યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ માં સાવલી અને પાદરા તાલુકામાં રૂ.૧૦ લાખના ખર્ચના પાંચ વિકાસ કામો બેઠકમાં મંજૂર કરવામાં આવ્યા હતા.

ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આયોજન હેઠળ મંજૂર થયેલ કામો ગુણવત્તા યુક્ત અને સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા અમલીકરણ અધિકારીઓને જણાવ્યું હતું.તેમણે અગાઉના જે કામો શરૂ ન થયા હોય તેવા બાકી કામો સત્વરે શરૂ કરી આગામી ત્રણ માસમાં પૂર્ણ કરવા અધિકારીઓને તાકીદ કરી હતી.

## વઢવાણ આદિનાથ જીનાલયમાં ધ્વજારોહણ

**સુરેન્દ્રનગર,** વઢવાણમાં આવેલા આદિનાથ દાદાદ જીનાલયની સ્થાપના વિક્રમ સંવત ૧૮૨૯ની મહાસુદ સાતમના દિવસે થઈ હતી. જીનાલયના ૨૫૦માં ધ્વજારોહણ કાર્યક્રમનું ધામધૂમથી આયોજન વઢવાણ મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા કરાયુ હતુ. જેમાં શનિવારે દાદાના જીનાલય પર ધ્વજારોહણ કરાયુ હતુ. આ પ્રસંગે જૈન સાધુ-સાધ્વીઓ અને શ્રાવકો મોટી સંખ્યામા હાજર રહ્યા હતા. વઢવાણ આદિનાથ દાદાનો ત્રિદિવસીય ઉત્સવ ઉજવાયો હતો.

# આમોદ પાલિકાએ ગેરકાયદેસર ચાલતી પાંચ ચીકન શોપને સીલ માર્યું

**(પ્રતિનિધિ) ભરૂચ,** આમોદ નગરપાલિકા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ચાલતી પાંચ ચીકન શોપને ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ પાલિકા તંત્રએ સીલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૧ માં ગુજરાત હાઈકોર્ટમાં ગેરકાયદેસર માંસની દુકાન તેમજ કતલખાના બાબતે પી.આઈ.એલ દાખલ કરવામાં આવી હતી.જે બાબતે ગુજરાત રાજ્યમાં અલગ અલગ વિસ્તારમાં ફૂડ સેફટી વિભાગ દ્વારા કુલ ૩૨૨૧ એડજ્યુકેટીંગ કેસ દાખલ કરવામાં આવ્યા હતાં.તેમજ આમોદ નગરપાલિકા વિસ્તારમાં ફૂડ સેફટી એકટના ભંગ બદલ કુલ પાંચ ચીકન શોપ નામે નૂર મટન શોપ,રૂબી ચીકન,નુરાની ચીકન,સંજરી ચીકન,ફૈઝ ચીકન દુકાનોને ફૂડ સેફટી એકટના ભંગ બદલ એડજ્યુકેટીંગ કેસ દાખલ કરવામાં આવ્યા છે.ત્યારે આજરોજ ગુજરાત હાઈકોર્ટના નિર્દેશ મુજબ ફૂડ સેફટી વિભાગ તરફથી આમોદ પાલિકાને પાંચ ચીકન શોપને શીલ કરવાનો આદેશ મળતાં પાલિકા તંત્ર તરફથી દુકાનો શીલ કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

## વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે

# વલસાડ કોમર્સ કોલેજમાં ફ્રી ઓરલ કેન્સર સ્ક્રીનિંગ અને ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાશે

**વલસાડ,** વિશ્વ કેન્સર દિવસ ૪ ફેબ્રુઆરી નિમિત્તે કેન્સર અંગે જાગૃતિ કેળવવા નૂતન કેળવણી મંડળ સંચાલિત વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ ખાતે ત્રયમ ફાઉન્ડેશન અને લોટસ ડેન્ટલ હોસ્પિટલ દ્વારા વિનામુલ્યે ઓરલ કેન્સર જાગૃતિ કાર્યક્રમ અને ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવશે. જેમાં આસપાસની દરેક કોલેજના પ્રોફેસરો, ક્લેરીકલ સ્ટાફ, પ્યુન, સફાઈ કર્મચારીઓ, વેન અને બસ ડ્રાઈવરો અને ભાગડાવડા ગામના દરેક સફાઈ કર્મચારીઓનું વિનામુલ્યે સ્ક્રીનીંગ અને ડેન્ટલ ચેકઅપ કરવામાં આવશે. કેમ્પમાં ત્રયમ ફાઉન્ડેશનના ફાઉન્ડર અને સીઈઓ ડેન્ટલ સર્જન ડૉ. ભૈરવી જોશી, ત્રયમ ફાઉંડેશનના ડિરેક્ટર ડેન્ટલ સર્જન ડૉ. માનસી માછી પાઠક અને વલસાડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ગીરીશકુમાર રાણા ઉપસ્થિત રહેશે.

**વેસ્ટર્ન ટાઇમ્સ**

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

**APOLLO INSTITUTE OF PHYSIOTHERAPY**

(Managed by Divaba Education Trust)

(Recognized by Govt. of Gujarat & Affiliated with Gujarat University)

SNME Campus, Near S. P. Ring Road Circle, Naroda-Dehgam Road, Anasan, Ahmedabad- 382330. Ph.no: 9512959393

**Open Interview :** Interview Date: 05th February, 2023, Time: 10:00 am.
Venue: National college of Commerce, Near Gujarat University, Navrangpura, Ahmedabad.

| SR.No | POSITION | POST |
|---|---|---|
| 1 | Assistant Professor (MPT-All Specialty) | 4 |
| 2 | Tutor cum clinical therapist (BPT) | 2 |

Qualification as per UGC, GSCPT And Gujarat university norms. Bring all original mark sheets & certificates with photo copy.

**Chairman**
**Divaba Education Trust**

# આદિત્ય બિરલા ફેશનના બોર્ડમાં અનન્યા અને આર્યમાન સામેલ થયા

**મુંબઈ:** આદિત્ય બિરલા ફેશન એન્ડ રિટેલના બોર્ડની બેઠક આજે યોજાઈ હતી, જેમાં સુશ્રી અનન્યા બિરલા અને શ્રી આર્યમાન વિક્રમ બિરલાને ડિરેક્ટર્સ તરીકે સામેલ કરવામાં આવ્યાં હતાં. સુશ્રી અનન્યા બિરલા અને શ્રી આર્યમાન વિક્રમ બિરલા ઉદ્યોગસાહસિકતા અને વ્યવસાયના નિર્માણમાં સમૃદ્ધ અને બહોળો અનુભવ ધરાવે છે. બોર્ડ માને છે કે, એબીએફઆરએલને તેમના નવા ઉપયોગી સૂચનો અને વ્યવસાયિક કુનેહમાંથી લાભ થશે.

અનન્યા બિરલા અને શ્રી આર્યમાન વિક્રમ બિરલાને તાજેતરમાં આદિત્ય બિરલા ગ્રૂપના વ્યવસાયોને વ્યૂહાત્મક દિશા પ્રદાન કરતી સર્વોચ્ચ કંપની આદિત્ય બિરલા મેનેજમેન્ટ કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડના બોર્ડમાં ડાયરેક્ટર્સ તરીકે સામેલ કરવામાં આવ્યાં છે. શ્રી અનન્યા બિરલા સફળ ઉદ્યોગસાહસિક મહિલા છે અને પ્લેટિનમ સેલિંગ આર્ટિસ્ટ છે. તેમણે ૧૭ વર્ષની વયે પ્રથમ કંપની સ્વતંત્ર માઈક્રોફિન પ્રાઈવેટ લિમિટેડની સ્થાપના કરી હતી, જે ભારતની સૌથી વધુ ઝડપથી વિકસતી એમએફઆઈ પૈકીની એક છે. કંપનીની એયુએમ ૧ અબજ ડોલરથી વધારે છે અને ૧૨૦ ટકાના સીએજીઆર પર વૃદ્ધિ કરી છે (૨૦૧૫થી ૨૦૨૨). ૭૦૦થી વધારે કર્મચારીઓ સાથે કંપની ગ્રેટ પ્લેસ ટૂ વર્કમાં સતત સ્થાન ધરાવે છે. સામાજિક મોરચે સુશ્રી અનન્યા બિરલા એમપાવરના સહ-સ્થાપક છે અને ભારતમાં માનસિક સ્વાસ્થ્ય વિશે સંવાદ માટેની જરૂરિયાતના હિમાયતી પણ છે. તેઓ અનન્યા બિરલા ફાઉન્ડેશનના સ્થાપક પણ છે, જે માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક અસરમાં પથપ્રદર્શક સંશોધન કરે છે.

શ્રી આર્યમાન વિક્રમ બિરલા વિવિધ પ્રકારનો અનુભવ ધરાવે છે, જેમાં ઉદ્યોગસાહસિકતા, વીસી રોકાણ અને વ્યવસાયિક સ્પોર્ટ સામેલ છે. આર્યમાન આદિત્ય બિરલા ગ્રૂપના કેટલાંક વ્યવસાયો સાથે ગાઢ રીતે જોડાયેલા છે. ગ્રૂપના ચેરમેન શ્રી કુમાર મંગલમ બિરલા સાથે ચર્ચાવિચારણામાં તેઓ ગ્રૂપના અદ્યતન વ્યવસાયોમાં પ્રવેશ કરવામાં સક્રિય રહ્યાં છે.

આર્યમાને ઉદ્યોગ સાહસિકતાની સફરની શરૂઆત હોસ્પિટાલિટી વ્યવસાયમાં કરી હતી. આર્યમાન ગ્રૂપના વેન્ચર કેપિટલ ફંડ – આદિત્ય બિરલા વેન્ચર્સનું નેતૃત્વ પણ કરે છે. એબીજીમાં સામેલ થયા અગાઉ આર્યમાન કુશળ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટર હતા.

**GUJARAT THEMIS BIOSYN LIMITED**

CIN: L24230GJ1981PLC004878

69/C, GIDC Industrial Estate, Vapi - 396 195, Dist. Valsad, Gujarat

Tel: +91 260 2430027 Fax: +91 260 2400639

E-mail: gtblmumbai@gtbl.in Website: www.gtbl.in

**EXTRACT OF THE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31, 2022**

INR in Lakhs

| Sl. No, | Particulars | Quarter Ended 31.12.2022 (Unaudited) | Quarter Ended 31.12.2021 (Unaudited) | Year to date 31.12.2022 (Unaudited) |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operation | 2,997.13 | 1,929.68 | 12,542.55 |
| 2 | Net Profit / (Loss) for the period before Tax and Exceptional items | 1,318.80 | 959.03 | 6,193.38 |
| 3 | Net Profit / (Loss) for the period before Tax | 1,318.80 | 959.03 | 6,193.38 |
| 4 | Net Profit / (Loss) for the period after Tax | 980.74 | 712.06 | 4,627.67 |
| 5 | Total Comprehensive Income for the period | 978.75 | 711.29 | 4,621.68 |
| 6 | Equity Share Capital | 726.44 | 726.44 | 726.44 |
| 7 | Other equity | - | - | - |
| 8 | Earnings Per Share | | | |
| | 1. Basic | 6.75 | 4.90 | 31.85 |
| | 2. Diluted | 6.75 | 4.90 | 31.85 |

**Notes.**

a) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors at its meeting held on February 03rd, 2023.

b) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange website viz. www.bseindia.com and on the Company's website: www.gtbl.in.

For GUJARAT THEMIS BIOSYN LTD.
SD/-
Dr. DINESH S. PATEL
Chairman
DIN:00033273

Date : February 03, 2023
Place : Mumbai

**જાહેર નિવિદા**

મોજે ગામ બોચાસણ તા.બોરસદ ગામે સરકારશ્રીના ૧૫મું નાણાપંચ(ગ્રામ્ય કક્ષા) યોજના વર્ષ ૨૦૨૧/૨૨ તથા ૨૦૨૨/૨૩ હેઠળ આયોજિત/મંજૂર થયેલ તમામ (ટાઈડ/અનટાઈડ) કામો માટે જરૂરિયાત મુજબનો માલસામાન ખરીદવા માટે માલ સામાન પુરો પાડનાર એજન્સી પાસેથી સરકારશ્રીના SOR મુજબના ભાવ પત્રકો મંગાવવામાં આવે છે.

સદરહું ભાવપત્રકો તા.૧૦/૦૨/૨૦૨૩ બપોરે ૨:૦૦ પહેલા ટપાલથી ગ્રામ પંચાયત કચેરીએ મળી જાય એ રીતે મોકલવાના રહેશે ત્યારબાદ મળેલ કોઈપણ ભાવ પત્રકો ધ્યાને લેવામાં આવશે નહિં મંજુર/નામંજુર કરવાના તમામ અધિકાર ગ્રામ પંચાયતને અબાધિત રહેશે.

**નોંધ :** (૧) કવરના મથાળે "વિકાસનાં કામોના ભાવપત્રકો" લખવાનું રહેશે.
(૨) એજન્સી પાનકાર્ડ તથા જી.એસ.ટી. નંબર ફરજીયાત પણે ધરાવતી હોવી જોઈએ.

**સરનામું:**
**સરપંચશ્રી ગ્રામપંચાયત કચેરી, બોચાસણ**
**તા.બોરસદ જિ.આણંદ મું.બોચાસણ**
**પિ.નં.૩૮૮૧૪૦**

**એસ.વી.પરમાર**
**સરપંચશ્રી**
**ગ્રામ પંચાયત બોચાસણ**
**તા.બોરસદ, જી.આણંદ**

**ઇ હરાજી સૂચના**

**(ક્ષતિગ્રસ્ત આશરે. ૩૭,૫૦૦ કિગ્રા હાઇડ્રોલિક સિલિન્ડર, એમએસ અને પરચૂરણ સામગ્રી)**

રસ ધરાવતા ખરીદદારોને પ્રતિ કિલોના ધોરણે ક્ષતિગ્રસ્ત અંદાજે ૩૭,૫૦૦ કિગ્રા હાઈડ્રોલિક સિલિન્ડર, એમએસ અને પરચુરણ સામગ્રીના નિકાલ માટે ઈ-હરાજીમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે. વિષય બચાવનું વેચાણ "જેમ છે ત્યાં છે", "જે પણ છે" અને "કોઈ ફરિયાદ નથી"ના આધારે કરવામાં આવશે અને તે **મેસર્સ વેલસ્પન કોર્પો લિમિટેડની** છે. વિષય સામગ્રીનું નિરીક્ષણ વેલસ્પન સીટી, ગામ વર્ષામેડી, તાલુકો-અંજાર, કચ્છ, ગુજરાત-૩૭૦૧૧૦, ખાતે **૦૪-૦૨-૨૩થી ૧૪-૦૨-૨૩** દરમિયાન માત્ર કામકાજના દિવસોમાં સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી **શ્રી નીતિન શર્માનો ૯૮૭૯૫૮૩૧૩૪** પર સંપર્ક કરી નિરીક્ષણ કરી શકાશે.

**ઈ-હરાજી ૧૫-૦૨-૨૩ના રોજ યોજાશે**

ઈ હરાજીના નિયમો અને શરતો સાથેનું ફોર્મ મેળવવા માટે કૃપા કરીને **શ્રી મેરલીન ફર્નાન્ડીઝ મો.૮૩૬૯૬૪૪૦૬૯** પર સંપર્ક કરો અથવા વેબસાઈટ
**http://sealthedeal.co.in/**
પરથી ડાઉનલોડ કરો
હરાજી કરનાર સીલ ધ ડીલ જેની રજીસ્ટર ઓફીસ દુકાન નં.૧૪૮ પોકેટ સી-૨, સેક્ટર-૫ રોહિની, દિલ્હી-૧૧૦૦૮૫

**ફોર્મ અને ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે સબમિશન કરવાની છેલ્લી તા.૧૪-૦૨-૨૩ છે.**

**નોટીસ**

આથી સામાન્ય લોકોને જણાવવામાં આવે છે દિપેશ દિનેશચંદ્ર શુક્લ રહે, ૪૦૧ બંસી કોમ્પ્લેક્ષ ગર્વમેન્ટ સરકારી ટ્યુબવેલ પાસે બોપલ અમદાવાદ નાઓથી નટુભાઈ હંસાજી લુહાર રહે.બી-૩૦૧ અભીષેકનંદન કોમ્પલેક્ષ બોપલ અમદાવાદની ટાટા ટીગોર ફોર વીલ જેનો આર.ટી.ઓ. નં.GJ-01-HZ-8768 જેનો એન્જીન નં. 7971 ચેસીસ નં.5958ની અસલ આર.સી.બુક તથા આઈ.સી.આઈ. બેંક શીવ એજન્સી આઈ.કાર્ડ નં.૨૨૦૧૬૧૯ બોપલ વિસ્તારમાં ક્યાંક ખોવાઈ ગયેલ જે ઘણી શોધખોળ કરવા છતા મળી આવેલ નથી જે ગાડી આર.ટી.ઓ. નં.GJ-01-HZ-8768ની ડુપ્લિકેટ આર.સી.બુક મેળવવા માટે તથા આઈ.સી.આઈ.બેંક શીવ એજન્સી આઈ.કાર્ડ નં. ૨૨૦૧૬૧૯ ડુપ્લિકેટ મેળવવા એફિડેવિટ કરી અરજી કરેલ છે જેનો સીરીયલ નં. ૮૩/આઈ/૩૯/૨૨૧/૨૦૨૩ તા.૨૭/૦૧/૨૦૨૩થી કરી લાવતા જે બોપલ પોલીસ સ્ટેશન આવક નંબર-૩૪૪/૨૦૨૩ તા.૦૨/૦૨/૨૦૨૩થી નોંધ કરેલ હોય જે બદલ આ દાખલો આપવામાં આવે છે.

તા. : 3/2/2022
સ્થળ : અમદાવાદ

પોલીસ ઈન્સ્પેક્ટર
બોપલ પોલીસ સ્ટેશન
અમદાવાદ ગ્રામ્ય

**ashima LIMITED**

**Regd. Office :** Texcellence Complex, Near Anupam Cinema, Khokhara, Ahmedabad - 380 021, Gujarat, India.
**CIN :** L99999GJ1982PLC005253;
**E-mail:** texcellence@ashima.in; **Tel:** +91-79-67777000; **Fax:** +91-79-22773061; **Website:** www.ashima.in

**EXTRACT OF STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED ON 31ST DECEMBER, 2022**

(Rs. in lacs, except per share data)

| Sr. No. | Particulars | (Unaudited) Quarter ended 31/12/2022 | (Unaudited) Nine Months ended 31/12/2022 | (Unaudited) Quarter ended 31/12/2021 |
|---|---|---|---|---|
| | **Continuing Operations** | | | |
| 1 | Total Income from Operations | 5,888 | 17,171 | 6,794 |
| 2 | Net Profit/(Loss) for the period before tax and Exceptional items | 31 | (172) | (104) |
| 3 | Net Profit/(Loss) for the period before tax and after Exceptional items | (284) | (177) | (104) |
| 4 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items | (284) | (177) | (104) |
| | **Discontinued Operations** | | | |
| 5 | Net Profit/(Loss) for the period before tax and Exceptional Items | 51 | 102 | (91) |
| 6 | Net Profit/(Loss) for the period before tax and after Exceptional items | 51 | 102 | (91) |
| 7 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items | 51 | 102 | (91) |
| | **Total for Continuing and Discontinued Items** | | | |
| 8 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items | (233) | (75) | (195) |
| 9 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (233) | (75) | (195) |
| 10 | Paid up Equity Share Capital (Face value of Rs. 10/- each) | 19,166 | 19,166 | 19,166 |
| 11 | Earnings per share [EPS] (of Rs.10/- each) | | | |
| | Basic and diluted EPS [in Rs.] - Continuing and Discontinued operations | (0.12) | (0.04) | (0.10) |

**Note :**

1 The above is an extract of the detailed format of the Unaudited Financial Results for the quarter and nine months ended 31st December, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Unaudited Financial Results for the quarter and nine months ended 31st December, 2022 are available on the websites of BSE Ltd. at www.bseindia.com, National Stock Exchange of India Ltd. at www.nseindia.com and on the website of the Company at www.ashima.in

2 The above results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their respective meetings held on 3rd February, 2023.

For, ASHIMA LIMITED
CHINTAN N. PARIKH
CHAIRMAN & MANAGING DIRECTOR
DIN: 00155225

Place : AHMEDABAD
Date : 3RD FEBRUARY, 2023